**સેશન્સ કેસ નંબરઃ– ૪૫/૨૦૨૩**

**આંક –૧૧૬**

| સેશન્સ કેસ નંબરઃ– ૪૫/૨૦૨૩ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૯ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | રાહુલભાઈ દશરથભાઈ લોધા | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 8238835031 |
| ઉંમર આશરે | ૨૨ | વરસની | ધંધો | ડ્રાઈવીંગ |
| રહેવાનુ | ભોપાનગર તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા. |

(૧) હું ત્રણ ધોરણ પાસ છુ પરંતુ હું કરી શકતો નથી અને સહી તરીકે હાથના અંગુઠાનું નિશાન આપુ છું. બે અઢી વર્ષ પહેલા હું જતો હતો. ત્યારે ભણસાલી હોસ્પિટલની સામે પોલીસે પોલીસ સ્ટેશનમાં મને પંચમાં રહેવા માટે બોલાવેલા અને ત્યાં બીજા પંચ તરીકે વિપુલભાઈ ભગવાનજી ઠાકોર ત્યાં હાજર હતા. ત્યાં પોલીસ સ્ટેશનમાં બે આરોપીઓ હાજર હતા.જેમાં એક આરોપીનું નામ મુકેશ સોની અને બીજા આરોપીનું નામ રાહુલ ઠાકોર હતું. ત્યાં મુકેશે અમો પંચોની હાજરીમાં હથિયાર ધારીયુ જયાં સંતાડેલ હતું. તે બતાવવા માંગતો હતો. ત્યાં પોલીસે પંચનામામાં લખાણ કરી મારી તથા બીજા પંચ વિપુલભાઈની પંચનામામાં સહી લીધેલી. ત્યારબાદ પોલીસની બોલેરો ગાડીમાં મને તથા મુકેશભાઈ સોનીને તથા પોલીસના માણસોને લઈ ગયેલી. જેમાં મુકેશભાઈ સોની વચમાં બેઠેલા હતા તથા હું પાછળની સીટમાં બેઠેલો હતો અને અમો બગીચાના સર્કલ બાજુ ગયેલ. જે અમોને મુકેશ સોનીએ કહેલુ અને ત્યાંથી અમો નેમીનાથ સોસાયટી તેમજ પારસ સોસાયટી તરફ ગયેલા. ત્યાં મુકેશે સદર ગાડી ઉભી રખાવેલી. ત્યાં અમો બધા ઉતરેલા. પારસ સોસાયટીમાં એક બંધ મકાન હતુ

સાહેદની સહી .......................

ત્યાં અમો ગયેલા. જે મકાનને લોક મારેલ હતું. ત્યાં બાજુ રહેતા ભાઈ પાસેથી બંધ મકાનની ચાવી મુકેશ લઈ આવેલો અને પોલીસે મુકેશને આ બંધ મકાનની ચાવી ધ્વારા મુકેશે લોક ખોલેલુ. ઘરની અંદર જતા ટાઈલ્સ હતી તથા ઓસરી આવેલ હતી. ત્યાં સામેની ભાગે જાળી તથા દરવાજો હતો અને મુકેશ આ દરવાજો ખોલીને ઘરની અંદર ગયેલો અને ત્યાં સીડીની બાજુમાં બે લોખંડના ડ્રમ (પીપડા)પડેલા હતા અને આ પીપડાની પાછળથી મુકેશ સોનીએ ધારીયુ કાઢેલું. આ ધારીયુ મુકેશે લઈને આપેલું. આ ધારીયુ લાકડાના હાથાવાળુ લોખંડનું હતું. જેની લંબાઈ મને હાલમાં યાદ નથી. આ ધારીયા ઉપર કોઈ નિશાન ન હતા. મને મુદામાલ ધારીયુ બતાવવામાં આવે તો ઓળખી શકું. પછી પોલીસે આ ધારીયાને એક કાપડની થેલીમાં નાંખી અને એક કાગળમાં મારી તથા બીજા પંચની સહી લઈને તેને સીલ કરેલું. આ પંચનામાનું અમો પોલીસે પંચોની હાજરીમાં લખાણ કરેલુ અને અમારી સહીઓ લીધેલી. જે જગ્યાએથી મુદામાલ ધારીયુ કબજે કરવામાં આવેલ હતું. તેની પૂર્વ દિશાએ એક ઘર આવેલુ હતુ અને પશ્ચિમ દિશાએ એક રસ્તો આવેલો હતો અને ઉતર દિશાએ મુકેશ સોનીનું ઘર આવેલુ હતું અને દક્ષિણ દિશાએ શુ આવેલુ તે હાલમાં મને યાદ નથી.

મને માર્ક:૧૦/૨૭ વાળું મુદામાલ રીકવરી પંચનામું બતાવવામાં આવે છે, જે પંચનામાના બંન્ને પાના ઉપર પંચ નં.૨ તરીકે મારી સહી તરીકે મારા ડાબા હાથના અંગુઠાનું નિશાન લીધેલ છે તથા પંચ નં.૧ તરીકે વિપુલભાઈ ઠાકોરે પંચનામાના બંન્ને પાના ઉપર સહી કરેલી,જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **<u>આંક:૧૧૭</u>** આપવામાં આવે છે.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ આર્ટીકલ નં.૧૪(માર્ક:સી–૧) બતાવવામાં આવે છે, જેમાંથી નીકળેલ એક લોખંડનું ધારીયુ લાકડાના હાથાવાળુ બતાવવામાં આવે છે, જે પંચનામા સમયે અમારી હાજરીમાં કબજે કરવામાં આવેલુ હતુ, તે તેજ છે. તેમાંથી નીકળેલ એક કાગળની કાપલીમાં પંચ નં.૨ તરીકે મારા

સાહેદની સહી ........................

ડાબા હાથના અંગુઠાનું નિશાન છે,બીજા પંચ તરીકે વિપુલભાઈ ઠાકોરની સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૧૧૮** આપવામાં આવે છે.

**<u>સરતપાસ પુરી.</u>**

**<u>આરોપીનં.૧ તર્ફે ઉલટતપાસ</u> <u>વિ.વ.શ્રી.બી.બી.મૈઢ..</u>**

(૨) **વિ.વ.શ્રી પોતાના અંગત વ્યકિતના મેડીકલ ગ્રાઉન્ડ સબબ અદાલતમાં હાજર નથી. આ જ કેસના અન્ય વિ.વ.શ્રીઓ આ બાબતની જાણ મૌખિક કરે છે જે બીમારીનો સંદર્ભ જણાવે છે તે ઘ્યાને લેતા મુદત અરજી વગર ઉ×ત ન્યાયના હિતમાં આગામી તા.૨૧/૧/૨૬સુધી મુલતવી રાખવવામાં આવે છે.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................

સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૦૫/૦૧/૨૦૨૬ | મારી રૂબરૂ,<br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી ........................

**આંક:૧૧૬નું સાંધણ**

**સોગંધ આપ્યા..**

**<u>આરોપીનં.૧ તર્ફે ઉલટતપાસ</u> <u>વિ.વ.શ્રી.બી.બી.મૈઢ..</u>**

(૩) એ વાત ખરી છે કે હું રીક્ષા ચલાવવાનો ધંધો કરુ છું. આ કામે મરણજનારનું નામ માયકલ ઉર્ફે અંકીત છે. એ વાત ખરી નથી કે અંકિત મારો નજીકનો મિત્ર થતો હતો. એ વાત ખરી નથી કે પારસ સોસાયટીમાં વાહનને જવાનો કોઈ રસ્તો નથી. એ વાત ખરી છે કે પારસ સોસાયટીમાં બધા જૈન લોકો રહે છે. એ વાત ખરી છે કે અમને જે ઘર બતાવેલ તે ઘરને તાળા મારેલ હતા અને તે ઘર તાળાની ચાવી પોલીસ પાસે ન હતી. ચાવી બાજુવાળો લઈને આવેલો તે કોણ હતો તેનું અમે પુછેલુ નહી. બાજુવાળા કયારે ખોલેલુ કે નહી તેની પણ કોઈ વાત થયેલી નહી. એ વાત ખરી છે કે હુ જે મકાનની વાત કરુ છે તે ઘણા સમયથી બંધ અને અવાવરુ મકાનની સ્થિતીમાં હતું.

(૪) એ વાત ખરી નથી કે મરણજનાર મારો મિત્ર થતો હોય તેની તરફેણમાં આરોપીએ ઘર બતાવ્યાની અને ધારીયુ કાઢી આપવાની હકીકત ખોટી જણાવેલ છે. એ વાત ખરી છે કે હું મકાનની બહાર ઉભો રહેલો અંદર ગયેલો નહી.

**વિશેષ ઉલટતપાસ નથી.**

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

............................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૨૧/૦૧/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી ........................